# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાની પરથી “મન કી બાત” કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તાશ્કંદમાં ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે

3) નેપાળમાં આવેલા વિનાશક પૂર બાદ અત્યાર સુધીમાં 108 ભારતીય નાગરિકોને બચાવાયા – 275 હજુ પણ ગુમ

4) ભારતે ભારતીય સેનાની ખાસ બચાવ ટીમ સહિત ડીએનએ પરીક્ષણ માટે છ ફોરેન્સિક ટીમને નેપાળ મોકલ્યા

5) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે લખનઉમાં એક ઉદ્યોગ પરિષદને સંબોધશે - લખનઉ કેન્ટોનમેન્ટમાં 101 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે

6) મહિલા T20 એશિયા કપ સ્પર્ધામાં આજે ભારતનો મુકાબલો થાઇલેન્ડ સામે થશે

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે “મન કી બાત” કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 137મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

------------------------

પુલ – જયેશ વેગડા – ભાવિક

# PM - MANN KI BAAT – GUJARAT

દરમ્યાન ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ વિવિધ સ્થળોએ ખાસ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં, ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ગાંધીનગરમાં અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ સુરતમાં લોકો સાથે "મન કી બાત" સાંભળશે.

પક્ષના નેતાઓએ યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને વિવિધ સામાજિક સમુદાયો સાથે પણ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. વધુમાં, પક્ષના કાર્યકરો, જનપ્રતિનિધિઓ અને નાગરિકો ગુજરાતના તમામ બૂથ પર પ્રધાનમંત્રીનું સંબોધન સાંભળશે.

# PM – UZBEKISTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તાશ્કંદમાં ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. બંને નેતાઓ રાષ્ટ્રપતિ મહેલમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ, ડિજિટલ કનેક્ટિવિટી, ઊર્જા, શિક્ષણ અને લોકો વચ્ચેના સંપર્કો વધારવા જેવા મુદ્દાઓ પર સહયોગની સમીક્ષા કરશે.

તાશ્કંદથી અમારા સંવાદદાતા અહેવાલ......

## (VC – સુશીલ ચંદ્ર તિવારી)

*(ગુજરાત હાઇકોર્ટના રિટાયર્ડ જસ્ટિસ શ્રી ડી. એમ. વ્યાસ, દીપક એમ. વ્યાસ રિટાયર્ડ જસ્ટિસ સર કી એક મેમ્બરની કમિટી ગુજરાત યુનિવર્સિટીએ ઘોષિત કરી છે અને તેમની નિમણૂક કરી છે, જે નિષ્પક્ષ અને પોતાની સ્વતંત્રતાના હિસાબથી એની પૂરી સ્વતંત્ર તપાસ કરશે અને હમણાં એનો રિપોર્ટ સુપરત કરશે)*

# MEA - NEPAL FLOOD

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે નેપાળમાં આવેલા વિનાશક પૂર બાદ અત્યાર સુધીમાં 108 ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. લગભગ 50 અન્ય ભારતીયોનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર 275 ભારતીય નાગરિકો ગુમ છે, અને અન્ય દેશોમાં નાગરિકતા ધરાવતા ભારતીય મૂળના આશરે 128 લોકો પણ ગુમ છે.

છેલ્લા બે દિવસમાં 598 ભારતીય નાગરિકો ચીનથી નેપાળ પહોંચ્યા છે. ચીનમાં લગભગ 900 ભારતીયો સુરક્ષિત છે અને ભારતીય દૂતાવાસ તેમના સંપર્કમાં છે. ભારત સરકાર નેપાળ અને ચીનના અધિકારીઓ સાથે મળીને રાહત અને બચાવ કામગીરીમાં સતત રોકાયેલી છે.

વિદેશ મંત્રાલય તથા કાઠમંડુ અને બેઇજિંગમાં ભારતીય દૂતાવાસોમાં 24 કલાક હેલ્પલાઇન સેવા કાર્યરત છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે ભારતીય હવાઈદળનું C-130J હર્ક્યુલસ વિમાન ગઈકાલે 11 ટન રાહત પુરવઠો લઈને કાઠમંડુ પહોંચ્યું. વિમાનમાં 13 સભ્યોની ભારતીય સેનાની ખાસ બચાવ ટીમ અને આવશ્યક સાધનો પણ મોકલવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, મૃતદેહોની ઓળખ માટે ડીએનએ પરીક્ષણમાં મદદ કરવા માટે છ ફોરેન્સિક ટીમના 19 સભ્યોને નેપાળ મોકલવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આશરે 69 ટન રાહત સામગ્રી નેપાળ મોકલવામાં આવી છે. જેમાં દવાઓ, જનરેટર, ફૂડ પેકેટ, પાણી શુદ્ધિકરણ ગોળીઓ અને તકનીકી ઉપકરણોનો સમાવેશ થાય છે. ભારતે 230 ફૂટ લાંબા સ્ટીલ પુલના નિર્માણ માટે 16 ટ્રક સાધનો નેપાળ મોકલ્યા છે. વધુ સાત બેઇલી પુલના નિર્માણ માટે જરૂરી સામગ્રી અને તકનીકી ટીમો ટૂંક સમયમાં નેપાળ મોકલવામાં આવશે.

# NEPAL - FRESH FLOOD ALERT

નેપાળ સરકારે ભોટે કોશી નદીમાં પૂરના ભયને ધ્યાનમાં રાખી એક નવું એલર્ટ જારી કર્યું છે. વહીવટીતંત્રે નદી કિનારે રહેતા લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે. રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા અને વ્યવસ્થાપન સત્તામંડળના જણાવ્યા અનુસાર નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે.

રસુવા જિલ્લા વહીવટીતંત્રે પણ વધતા પાણીના સ્તર વિશે માહિતી આપી છે અને રસુવા, નુવાકોટ અને ધાડિંગ જિલ્લામાં નદીની નજીક રહેતા લોકોને સાવચેતી રાખવા સલાહ આપી છે. ભોટે કોશી તિબેટમાંથી નીકળતી હિમાલયની ઝડપથી વહેતી નદી છે. તાજેતરના વિનાશક પૂરના કારણે રસુવા જિલ્લામાં ભારે વિનાશ થયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAJNATH INDUSTRY CONCLAVE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે લખનૌમાં એક ઉદ્યોગ પરિષદને સંબોધિત કરશે. આ તેમની ત્રણ દિવસીય મુલાકાતનો ત્રીજો અને અંતિમ દિવસ છે. પીએમ સેતુ યોજના હેઠળ આયોજિત આ પરિષદમાં કૌશલ્ય વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને વ્યાવસાયિક શિક્ષણ સંબંધિત વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

કાર્યક્રમ પહેલા રાજનાથ સિંહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "મન કી બાત" કાર્યક્રમને સાંભળશે. ત્યારબાદ તેઓ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની હાજરીમાં લખનઉ  કેન્ટોનમેન્ટ વિસ્તારમાં 101 કરોડના 12 વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે.

ગઈકાલે તેમની મુલાકાતના બીજા દિવસે સંરક્ષણ મંત્રીએ લખનૌમાં એક પાર્કનું ઉદ્ઘાટન કર્યું અને જણાવ્યું કે પાર્ક અને જાહેર જગ્યાઓ લોકોને જોડવામાં અને સામાજિક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

આ કાર્યક્રમ દરમિયાન, તેમણે લાલા લજપત રાય અને શહીદ ભગતસિંહની પ્રતિમાઓનું અનાવરણ કર્યું અને 43 કરોડ 13 લાખના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. તેમણે બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના 11મા દીક્ષાંત સમારોહમાં પણ સંબોધન કર્યું.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદની આગાહી છે. બિહાર, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, પૂર્વી ઉત્તરપ્રદેશ, ઝારખંડ અને કેટલાક પૂર્વોત્તર રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

આ દરમિયાન, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, તમિલનાડુ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાઈ શકે છે.

# CRICKET-WOMEN'S T20 ASIA CUP

મહિલા T20 એશિયા કપ સ્પર્ધામાં આજે ભારતનો મુકાબલો થાઇલેન્ડ સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે. હરમનપ્રીત કૌર ભારતની કેપ્ટનશીપ કરશે, જ્યારે સ્મૃતિ મંધાના ઉપ-કેપ્ટન હશે.

ભારતે ટુર્નામેન્ટમાં પાંચમાંથી ત્રણ મેચ જીતી છે. થાઇલેન્ડે શુક્રવારે હોંગકોંગ અને ચીન પર વિજય સાથે ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી. ભારત થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાન સાથે આઠ ટીમોની ટુર્નામેન્ટના ગ્રુપ A માં છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- ગુજરાત સમચારે તીબેટમાં વધુ એક તળાવ તૂટતાં બિહારમાં પૂરની એલર્ટ તેમજ તીબેટમાં ફ્લડના વિડિયો –ફૂટેજ ગાયબ ,પૂરના વિનાશની માહિતી પર ચીનની સેન્સરશીપ આ સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.સંદેશે લખ્યું USમાં H-1 B વિઝધારકોની મુશ્કેલી વધશે
- દિવ્યભાસ્કરે **MSU** ની ભરતીનો ખેલ ,**40** અરજી છતાં **69** શરતનું કવચ રચી ભાજપ નેતાને પીઆરઓ તરીકે સેટ કર્યા –અને --**FSSAI** એ એવરેસ્ટ અને લાલજી ગોધૂની હિંગ પર પ્રતિબંધ મૂક્યો આ સમાચાર પ્રથમ પાને લીધા છે
- નવગુજરાત સમયે ભારતમાં મુસ્લિમો ના હોવા જોઈએ તેવું માનનાર હિન્દુ નથી :ભાગવત આ સમાચારને તસવીર સાથે છાપ્યા છે.
- આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં ગુજરાત યુનિ. દ્વારા પૂર્વ કુલપતિ સામેની તપાસ હાઇ કોર્ટના નિવૃત જજને સોંપાઈ ,,તેમજ આજે દેશભરમાં પીજી નીટની પરીક્ષા ના સમાચાર વાંચવા મળી રહ્યા છે.